# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 15-09-2025 Day: Monday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## PM-આસામ ખાતે લોકાર્પણ અને ખાતમુહૂત:

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આસામની બે દિવસીય મુલાકાત દરમિયાન ગઈકાલે 18 હજાર કરોડ રૂપિયાના અનેક વિકાસ પરિયોજનાઓના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા હતા. શ્રી મોદીએ દરંગ જિલ્લાના મંગલદોઈ ખાતે દરંગ મેડિકલ કોલેજ, નર્સિંગ કોલેજ અને એક GNM સ્કૂલનો શિલાન્યાસ કર્યો હતો. બાદમાં આસામના ગોલાઘાટ જિલ્લામાં ભારતની પ્રથમ વાંસ આધારિત બાયો-રિફાઇનરીનું ઉદ્ઘાટન કર્યું હતું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, તેમની સરકાર ઉત્તરપૂર્વમાં કનેક્ટિવિટી પર ધ્યાન કેન્દ્રીય કરી રહી છે.કારણ કે કોઇ પણ ક્ષેત્રના ઝડપી વિકાસ માટે ઝડપી કનેક્ટિવિટી ખૂબ જ મહત્વપૂર્ણ છે.

---------------------------------------------------------------------------------------------

## ગૃહમંત્રી-રાજભાષા સંમેલન:

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નાગરિકોને પોતાની માતૃભાષાને સન્માન આપવાની સાથે હિન્દીને સહયોગ આપવા હાકલ કરી છે. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે હિન્દી દિવસ તેમજ પાંચ-માં અખિલ ભારતીય રાજભાષા સંમેલનને ગઈકાલે ખૂલ્લું મૂકતા તેમણે સમયની સાથે હિન્દીને વધુ લચીલી બનાવવા અને હિન્દી તથા પ્રાદેશિક ભાષાઓના સહ-અસ્તિત્વ પર ભાર મૂક્યો હતો.

શ્રી શાહે કહ્યું, હિન્દીને વધુમાં લોકભોગ્ય બનાવવા કેન્દ્ર સરકારે સારથિ મંચ અને હિન્દી શબ્દ સિંધુકોષ જેવી સફળ પહેલ કરી છે.

ઉલ્લેખનીય છે કે, હિન્દી અને પ્રાદેશિક ભાષાઓ વચ્ચે સમરસતા વધારવાના હેતુથી આયોજિત આ સંમેલનમાં કેન્દ્ર સરકારના વિવિધ વિભાગના આશરે સાત હજારથી વધુ અધિકારી ભાગ લઈ રહ્યા છે.

---

## એશિયાકપ –ભારતની જીત:

એશિયા કપની મહત્વની મેચમાં ભારતે પાકિસ્તાનને 7 વિકેટે હરાવી મહત્વની સફળતા મેળવી છે. ભારતે સતત બીજી મેચ જીતી વિજયની પરંપરા જાળવી રાખી છે. દુબઇ ખાતેની મેચમાં પાકિસ્તાને 9 વિકેટે 127 રન કર્યા હતા. ભારતે 3 વિકેટ ગુમાવી 131 રન કરી મેચ જીતી લીધી હતી. સુકાની સૂર્ય કુમાર યાદવે સહુથી વધુ 47 રન કર્યા હતા. બોલિંગમાં કુલદીપ યાદવે 3 જ્યારે જસપ્રીત બુમરાહ અને અક્ષર પટેલે બે-બે વિકેટ ઝડપી હતી.

---

## રક્ષા દીક્ષા મહોત્સવ :

જીલ્લા મથક ભુજમાં વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન અને પ્રેરણા શ્રી ગ્રુપના સંયુક્ત ઉપક્રમે આયોજિત રક્ષા દીક્ષાના મહોત્સવમાં કચ્છનાં વિવિધ ગામો ઉપરાંત જિલ્લા બહારની 11 હજાર દીકરીઓ જોડાઈ હતી. શાસ્ત્ર અને શસ્ત્ર સાથે હશે, તો જ ભારત સલામત રહેશે, તેવું વીરતા સાથે એકતાના મંત્ર સાથે સમાજના વિવિધ વર્ગની 11 હજાર દીકરીને સ્વરક્ષાના હેતુસર રક્ષા દીક્ષા આપવા યોજાયેલા કાર્યક્રમ દરમ્યાન વક્તાઓ દ્વારા સૂર વ્યક્ત કરાયો હતો.

આ પ્રસંગે જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદ, સાંસદ વિનોદભાઈ ચાવડા, ધારાસભ્યો કેશુભાઈ પટેલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

---

## પીએમ-ઉષા પ્રોજેક્ટ અંગે રાજ્યકક્ષાનો સેમિનાર:

**જીલ્લા મથક ભુજમાં પીએમ-ઉષા પ્રોજેક્ટ'ના ઉપક્રમે સંશોધનમાં લેખન કૌશલ્ય વિકાસને લઈને રાજ્યકક્ષાનો સેમિનાર આર.આર.લાલન કોલેજ ખાતે યોજાયો હતો. આ સેમિનાર માં પીએચ.ડી. સ્ટુડન્ટ્સની સંશોધન ક્ષમતાઓના વિકાસની સાથે સ્કીલ ડેવલપમેન્ટ વિશે સહભાગીઓને નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.**

**રજિસ્ટ્રાર ડૉ. અનીલ ગોર એ વિચારશીલતા અને વાંચનથી જ સંશોધન તરફ આગળ વધવા માટે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું. લાલન કોલેજના પ્રિન્સિપાલ ડૉ. સી.એસ.ઝાલા એ સંશોધન સંબંધિત ક્ષમતાઓના વિકાસ માટે લાલન કોલેજ માધ્યમ બની રહી છે એ વાતની ખુશી વ્યક્ત કરી હતી.**

**લાલન કોલેજ ખાતે આયોજિત આ સેમિનારમાં કચ્છ યુનિવર્સિટી, ગુજરાત યુનિવર્સિટી સહિતની રાજ્યની યુનિવર્સિટીઓ અને કોલેજના વિવિધ વિષયના પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ, અનુસ્નાતક તથા સ્નાતક કક્ષાના વિધાર્થીઓ સહભાગી બન્યા હતા.**

---

## આશાપુરા મંદિરે નવરાત્રિની તૈયારીઓ:

નવરાત્રીના આગમનની ઘડીઓ ગણાઈ રહી છે, ત્યારે ભુજ આશાપુરા મંદિરે સેવાભાવી કાર્યકરો અને ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ભુજ આશાપુરા મંદિરમાં નવરાત્રિ પહેલાં શિખર-સભામંડપ પરિસર વિગેરેનું આરતી ગ્રુપના કાર્યકરો સફાઈ કરી સેવા કરે છે, તો ભુજ સોની પરિવારના અંદાજિત પચ્ચીસ જેટલા સભ્ય દ્વારા વર્ષોની પરંપરા મુજબ આમલીના અરીઠાથી ચાંદીના દરવાજા, સિંહાસન, મયૂરાસન, છત્તરો, ગરબી વિ. સાફ કરી ચમકાવી દેવામાં આવે છે. આ કામગીરીમાં મહંત પૂજારી જનાર્દન દવેના પરિવાર દ્વારા બધા ભગવાનને શણગાર કરવામાં આવે છે.

ઉલ્લેખની છે કે, 21 સપ્ટેમ્બરના મંદિરે ઘટસ્થાપન થશે અને 29 સપ્ટેમ્બરના રાત્રે હવનવિધિ સાથે નવરાત્રિની પૂર્ણાહૂતિ થશે. 30મી તારીખે રાજ પરિવાર દ્વારા પતરી વિધિ કરાશે.

---

## <u>હવામાન:</u>

હવામાન ખાતાએ આગામી ત્રણ દિવસ રાજ્યમાં છૂટાછવાયા સ્થળ પર મધ્યમ વરસાદની આગાહી કરી છે.

તો કચ્છ સહિત ગુજરાતના કેટલાક વિસ્તારમાંથી આગામી બે-ત્રણ દિવસમાં  ચોમાસુ પાછુ ખેંચાય તેવો હવામાન વિભાગ દ્વારા સંકેત અપાયો છે. જીલ્લાભરમાં દિવસે ગરમી તો સવારે ઠંડીવાળા વિષમ વાતાવરણની અનુભુતી અનુભવાઈ રહી છે. અંજાર ગાંધીધામમાં મહત્તમપારો 35 ડીગ્રીએ પહોંચતા રાજ્યમાં વડોદરાબાદ બીજા નંબરના ગરમ મથક બન્યા હતા. તો ભુજમાં મહત્તમ પારો 33.7 ડિગ્રી રહ્યો હતો.

---------------------------------------------------------------------------------------------